સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 12

[MARCH - 2023]
[19/03/23 to 25/03/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

**19 MAR-2023**

- દિવસ મહિમા : 19 માર્ચ, CRPF સ્થાપના દિવસ (CRPF Raising Day) ..... 02
- પૂર્વ આફ્રિકન રિફ્ટ (East African Rift) ..... 02
- પીએમ મિત્ર યોજના અને કાપડ ક્ષેત્ર ..... 03
- બહુપક્ષીય અભ્યાસ લા પેરોઝ ..... 05
- QUESTION ANSWERS ..... 06

**20 MAR-2023**

- દિવસ મહિમા : 20 માર્ચ, આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ, વિશ્વ ચકલી દિવસ ..... 07
- ICC દ્વારા વ્લાદિમીર પુતિન વિરુદ્ધ ધરપકડ વોરંટ ..... 08
- Women and Men in India 2022 Report ..... 09
- QUESTION ANSWERS ..... 11

**21 MAR-2023**

- દિવસ મહિમા : 21 માર્ચ, આંતરરાષ્ટ્રીય વન દિવસ, વિશ્વ કવિતા દિવસ, આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ, આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ, વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ, આંતરરાષ્ટ્રીય કલર દિવસ ..... 12
- ગંડક (નારાયણી) નદી પર રિવર ફ્રન્ટ બનાવવામાં આવશે ..... 13
- ભારતમાં 2023 કબા ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવશે ? ..... 13
- QUESTION ANSWERS ..... 14

**22 MAR-2023**

- દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day) ..... 15
- World Happiness Report 2023 ..... 15
- બુરુન્ડીએ પોલિયો ફાટી નીકળવાની જાહેરાત કરી ..... 16
- QUESTION ANSWERS ..... 17

**23 MAR-2023**

- દિવસ મહિમા : 23 માર્ચ, શહીદ દિવસ, વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ ..... 18
- એન્ટી સબમરીન ક્રાફ્ટ INS એન્ડ્રોથ લોન્ચ કરવામાં આવ્યું ..... 18
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના 6G પ્રોજેક્ટનું અનાવરણ કર્યુ ..... 19
- જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત ..... 22
- QUESTION ANSWERS ..... 24

**24 MAR-2023**

- દિવસ મહિમા : 24 માર્ચ, વિશ્વ ક્ષય (ટી.બી.) દિન, International Day for Achievers ..... 25
- અભ્યાસ કોંકણ 2023 (Exercise Konkan 2023) ..... 25
- વિષય આધારિત QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ - 2023 ..... 26
- QUESTION ANSWERS ..... 27

**25 MAR-2023**

- દિવસ મહિમા : 25 માર્ચ, ગુલામીના ભોગ બનેલા લોકોની યાદનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 28
- સિનિયાહ ટાપુમાં સૌથી જૂનું પર્લ ટાઉન (મોતી શહેર)ની શોધ ..... 28
- CBUD એપ્લિકેશન ..... 28
- ભારતીય હોકી ખેલાડી સુશ્રી સલીમા ટેટે ઇમર્જિંગ પ્લેયરના એવોર્ડથી સન્માનિત ..... 29
- QUESTION ANSWERS ..... 30

**ONE LINER** ..... 31

**QUESTION OF THIS WEEK** ..... 37

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 19 માર્ચ, CRPF સ્થાપના દિવસ (CRPF Raising Day)

## પૂર્વ આફ્રિકન રિફ્ટ (East African Rift)



વર્ષ 2020માં થયેલા એક અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે આફ્રિકન ખંડના ધીમે–ધીમે અલગ થવાના કારણે એક નવું મહાસાગર બેસિન રચાઈ રહ્યું છે.

- તે પૂર્વ આફ્રિકન રિફ્ટ વેલીને કારણે થઈ રહ્યું છે, જે 56 કિલોમીટર સુધી ફેલાયેલી છે.
- પૂર્વ આફ્રિકન રિફ્ટ એ ભૂસ્તરશાસ્ત્રીય લક્ષણ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે એક નવો મહાસાગર બનાવી શકે છે અને આફ્રિકાને બે અલગ–અલગ ભાગોમાં વહેંચી શકે છે.

### પૂર્વ આફ્રિકન રિફ્ટ અને પ્લેટોના સરકવા માટેના જવાબદાર પરિબળો

પૂર્વ આફ્રિકન રિફ્ટ એ એક વિશિષ્ટ ભૂસ્તરશાસ્ત્રીય લક્ષણ છે જે પૂર્વ આફ્રિકાના લાલ સમુદ્રથી મોઝામ્બિક સુધી વિસ્તરેલી છે.

- આ અણ બનાવ ત્રણ ટેક્ટોનિક પ્લેટોના વિચલનને કારણે થાય છે.
- આ ત્રણ પ્લેટો ન્યુબિયન આફ્રિકન પ્લેટ, સોમાલિયન આફ્રિકન પ્લેટ અને અરેબિયન પ્લેટ છે.
- આ ત્રણ પ્લેટો એકબીજાથી દૂર ખેંચાઈ રહી છે અને જૂદી જૂદી ઝડપે તૂટી રહી છે, જે રિફ્ટની રચનામાં પરિણામે છે.
- અરેબિયન પ્લેટ દર વર્ષે લગભગ એક ઈંચના દરે આફ્રિકાથી દૂર જઈ રહી છે, જ્યારે બે આફ્રિકન પ્લેટો દર વર્ષે અડધા ઈંચથી 0.2 ઈંચની વચ્ચેના દરે અથવા તો ધીમી ગતીએ ખસી રહી છે.
- છેલ્લા 30 મિલિયન વર્ષોમાં અરેબિયન પ્લેટ ધીમે ધીમે આફ્રિકાથી દૂર જતી રહી છે, જે પહેલાથી જ લાલ સમુદ્ર અને એડનના અખાતની રચના તરફ દોરી ગઈ છે.
- જેમ જેમ સોમાલી અને ન્યુબિયન ટેક્ટોનિક પ્લેટો એકબીજાથી અલગ થઈ રહી છે તેના કારણે એક નાનો ખંડ બનશે જેમાં હાલના સોમાલિયા, કેન્યા, ઈથોપિયા અને તાંઝાનિયાના ભાગોનો સમાવેશ થશે.
- એડનનો અખાત અને લાલ સમુદ્ર આખરે ઈથોપિયાના અફાર પ્રદેશ અને પૂર્વ આફ્રિકન રિફ્ટ વેલીમાં પૂરથી નવા મહાસાગરની રચના કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેમ જેમ પ્લેટો અલગ થતી જશે તેમ તેમ રિફ્ટ વેલી ઊંડી થશે અને આસપાસની જમીન ડૂબી જશે, છેવટે ખીણ પાણીથી ભરાઈ જશે અને એક નવો મહાસાગર બનાવશે જે આફ્રિકાને બે અલગ ભાગોમાં વિભાજિત કરશે.
- સોમાલી અને ન્યુબિયન ટેક્ટોનિક પ્લેટોને અલગ થવામાં અને એક નવું સમુદ્રી બેસિન બનાવવામાં 5 થી 10 મિલિયન વર્ષ લાગશે.
- અલગ થવાની અથવા તીરાડ પડવાની પ્રક્રિયા કેટલાક સમયથી થઈ રહી છે, સંભવિત તીરાડ 2018માં વિશ્વના ધ્યાન પર આવી હતી જ્યારે કેન્યાની રિફ્ટ ખીણમાં મોટી તીરાડો જોવા મળી હતી.

### સંભવિત નકારાત્મક પરિણામો

અણબનાવની પ્રક્રિયા વસાહતો, સમુદાયો અને વનસ્પતિ તથા પ્રાણીસૃષ્ટિ સહિત કુદરતી વાતાવરણને અસર કરશે.

- સમુદાયો અને વસાહતોનું વિસ્થાપન એ સૌથી મહત્વપૂર્ણ પડકારો પૈકી એક હશે.
- વિસ્થાપન અને પર્યાવરણ અંગેના સંયુક્ત રાષ્ટ્રના પર્યાવરણ કાર્યક્રમના અહેવાલ મૂજબ 2015 સુધીમાં આફ્રિકામાં 15 મિલિયનથી વધુ લોકો આંતરિક રીતે વિસ્થાપિત થયા હતા.
- સ્થળાંતર કરવાની પ્રક્રિયા વિક્ષેપજનક હશે અને સંભવિત રીતે જીવનના નુકશાનમાં પરિણામી શકે છે.

### નવી આર્થિક તકો

સંભવિત નકારત્મક પરિણામો હોવા છતા નવા દરિયાકિનારાનો ઉદ્ભવ અસરગ્રસ્ત દેશો માટે નવી આર્થિક તકો ખોલી શકે છે.

- યુગાન્ડા અને ઝામ્બિયા જેવા લેન્ડલોક દેશોને પોતાનો દરિયાકિનારો હશે.
- જે આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રવેશ અને વેપારને પ્રોત્સાહન આપશે.
- નવા મહાસાગરના નિર્માણથી નવા કુદરતી સંસાધનોની શોધ પણ થઈ શકે છે, જે અસરગ્રસ્ત દેશોની અર્થવ્યવસ્થાને વધુ વેગ આપી શકે છે.

## પીએમ મિત્ર યોજના અને કાપડ ક્ષેત્ર

તાજેતરમાં કેન્દ્રએ પીએમ મેગા ઈન્ટીગ્રેટેડ રિજન એન્ડ એપેરલ (PM-MITRA) યોજના હેઠળ નવા ટેક્સટાઈલ પાર્ક સ્થાપવા માટે તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં સ્થાનો પસંદ કર્યા છે.

- આ પાર્ક 2026-27 સુધીમાં સ્થાપિત કરવામાં આવશે.
- પ્રોજેક્ટ માટે કુલ ખર્ચ રૂ.4,445 કરોડ છે, જોકે વર્ષ 2023-24ના બજેટમાં પ્રારંભિક ફાળવણી માત્ર રૂ.200 કરોડ છે.

- આ અંતર્ગત ગુજરાતમાં નવસારી જિલ્લાના વાસી બોરસી ગામમાં 1,142 હેક્ટર સરકારી જમીન પર ગુજરાતનો મેગા ટેક્સટાઈલ પાર્ક બનશે.
- નોંધનીય છે કે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)એ વાસી બોરસી ગામમાં ટેક્સટાઈલ પાર્ક સ્થાપવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકારને દરખાસ્ત કરી હતી.
- વડાપ્રધાનશ્રીના 5F વિઝનથી પ્રેરિત PM મિત્ર પાર્ક એ આત્મનિર્ભર ભારત અને 'સ્થાનિક માટે વોકલ' પહેલને હાંસલ કરવા માટેનું એક મોટું પગલું છે.

## પીએમ મિત્ર યોજના

'પીએમ મિત્ર' પાર્કને કેન્દ્ર અને રાજ્ય સરકારોની માલિકીના 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' (SPV) દ્વારા જાહેર ખાનગી ભાગીદારી (PPP) મોડમાં વિકસાવવામાં આવશે.

- દરેક પીએમ મિત્ર પાર્કમાં ઈન્ક્યુબેશન સેન્ટર, કોમન પ્રોસેસિંગ હાઉસ અને કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને અન્ય ટેક્સટાઈલ સંબંધિત સુવિધાઓ જેમ કે ડિઝાઈન કેન્દ્રો અને પરીક્ષણ કેન્દ્રો હશે.

## અમલીકરણ

- સ્પેશિયલ પર્પઝ વ્હીકલ : દરેક પાર્ક માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર માલિકીની SPVની સ્થાપના કરવામાં આવશે જે પ્રોજેક્ટના અમલીકરણની દેખરેખ રાખશે.
- વિકાસ માટે મૂડી સહાય : ટેક્સટાઈલ મંત્રાલય વિકાસ માટે મૂડિ સહાય તરીકે SPVને પાર્ક દીઠ રૂ.500 કરોડ સુધીની નાણાકીય સહાય પ્રદાન કરશે.
- સ્પર્ધાત્મક પ્રોત્સાહન સહાય (CIS) :ઝડપી અમલીકરણને પ્રોત્સાહિત કરવા પીએમ મિત્ર પાર્કમાં એકમોને પ્રતિ પાર્ક રૂ.300 કરોડ સુધીની CIS પણ પ્રદાન કરવામાં આવશે.
- અન્ય યોજનાઓ સાથે કન્વર્જન્સ : ભારત સરકારની અન્ય યોજનાઓ સાથે કન્વર્જન્સ સુવિધા પણ માસ્ટર ડેવલપર અને રોકાણકારોને વધારાના પ્રોત્સાહન માટે પૂરી પાડવામાં આવશે.

## યોજનાનું મહત્વ

- તે લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરશે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવા માટે ટેક્સટાઈલ સેક્ટરની મૂલ્ય સાંકળને મજબૂત બનાવશે.
- કાપડની નિકાસને પ્રોત્સાહન આપવાના ભારતના ધ્યેયમાં ઉચ્ચ લોજિસ્ટિક્સ ખર્ચને મુખ્ય અવરોધ માનવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ પાર્કોમાં રૂ.70,000 કરોડના રોકાણથી આશરે 20 લાખ લોકોને રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.
- આ પાર્કો દેશમાં 'ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ' (FDI) આકર્ષવા માટે મહત્વપૂર્ણ છે.
- નોંધનીય છે કે ભારતના ટેક્સટાઈલ સેક્ટરે એપ્રિલ 2000 થી સપ્ટેમ્બર 2020 દરમિયાન રૂ.20,468.82 કરોડનું FDI મેળવ્યું હતું. જે આ સમયગાળા દરમિયાન કુલ વિદેશી રોકાણના પ્રવાહના માત્ર 0.69% છે.
- આ ક્લસ્ટર–આધારિત અભિગમ સેક્ટરના વધતા બગાડ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો કરશે અને આમ દેશના ટેક્સટાઈલ સેક્ટરની સ્પર્ધાત્મકતામાં સુધારો કરશે.




## બહુપક્ષીય અભ્યાસ લા પેરોઝ



તાજેતરમાં બહુપક્ષીય કવાયત લા પેરોઝ (Multilateral Maritime Exercise La Perouse)ની ત્રીજી આવૃત્તિ 13-14 માર્ચ, 2023 દરમિયાન હિંદ મહાસાગર ક્ષેત્રમાં યોજાઈ હતી.

- આ આવૃત્તિમાં રોયલ ઓસ્ટ્રેલિયન નેવી, ફ્રેન્ચ નેવી, ઈન્ડિયન નેવી, જાપાનીઝ મેરિટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ, રોયલ નેવી અને યુનાઈટેડ સ્ટેટ્સ નેવીના કર્મચારીઓ, જહાજો અને હેલિકોપ્ટરની ભાગીદારી જોવા મળી હતી.
- આ દ્વિવાર્ષિક કવાયત 'લા પેરોઝ'નું આયોજન ફ્રેન્ચ નૌકાદળ દ્વારા કરવામાં આવ્યું હતું.
- તેનો ઉદ્દેશ્ય ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં સહભાગી નૌકાદળો વચ્ચે દરિયાઈ ક્ષેત્રની જાગૃતિ વધારવા અને દરિયાઈ સંકલનને શ્રેષ્ઠ બનાવવાનો છે.
- સ્વદેશી રીતે નિર્મિત ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટ INS સહ્યાદ્રી અને ફ્લીટ ટેનકર INS જ્યોતિએ કવાયતની આ આવૃત્તિમાં ભાગ લીધો હતો.
- આ કવાયતમાં ભારતીય નૌકાદળની સહભાગીતા મૈત્રીપૂર્ણ નૌકાદળ વચ્ચે ઉચ્ચ સ્તરીય તાલમેલ, સંકલન અને આંતરસંચાલનક્ષમતા અને ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં નિયમ–આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

1. કયા દિવસે 'CRPF' સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ **(B)**

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પૂર્વ આફ્રિકન રિફ્ટ' (East African Rift) વિશે નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?

1. પૂર્વ આફ્રિકન રિફ્ટ એ એક વિશિષ્ટ ભૂસ્તરશાસ્ત્રીય લક્ષણ છે. જે પૂર્વ આફ્રિકાના લાલ સમુદ્રથી મોઝામ્બિક સુધી વિસ્તરેલી છે.
2. ત્રણ પ્લેટો ન્યુબિયન આફ્રિકન પ્લેટ, સોમાલિયન આફ્રિકન પ્લેટ અને અરેબિયન પ્લેટો એકબીજાથી દૂર ખેંચાઈ રહી છે અને તૂટી રહી છે જેના કારણે આ રિફ્ટની રચના થઈ છે.
3. ધીમે ધીમે આ પ્લેટો દૂર થતી જશે અને તેના કારણે એક નવા સમુદ્રની રચના થશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) 1, 2 અને 3 (D) ફક્ત 2 અને 3 **(C)**

3. તાજેતરમાં કેન્દ્ર સરકારે 'પીએમ મેગા ઈન્ટીગ્રેટેડ રિજન એન્ડ એપેરલ' (PM-MITRA) યોજના હેઠળ નવા ટેક્સટાઈલ પાર્ક સ્થાપવા માટે તમિલનાડુ, તેલંગાણા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં સ્થાનો પસંદ કર્યા છે. આ PM-MITRA યોજના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. 'પીએમ મિત્ર' પાર્કને કેન્દ્ર અને રાજ્ય સરકારોની માલિકીના 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' (SPV) દ્વારા જાહેર ખાનગી ભાગીદારી (PPP) મોડમાં વિકસાવવામાં આવશે.
2. દરેક પીએમ મિત્ર પાર્કમાં ઈન્ક્યુબેશન સેન્ટર, કોમન પ્રોસેસિંગ હાઉસ અને કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને અન્ય ટેક્સટાઈલ સંબંધિત સુવિધાઓ જેમ કે ડિઝાઈન કેન્દ્રો અને પરીક્ષણ કેન્દ્રો હશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 2 સાચું છે પરંતુ વિધાન 1 ખોટું છે.

(C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે.

(D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. **(C)**

4. તાજેતરમાં બહુપક્ષીય કવાયત 'લા પેરોઝ'ની કેટલામી આવૃત્તિ હિંદ મહાસાગર ક્ષેત્રમાં યોજાઈ હતી ?

(A) ત્રીજી (B) પાંચમી (C) સાતમી (D) નવમી **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

દિવસ મહિમા : 20 માર્ચ, (1) આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ (International Happiness Day)
(2) વિશ્વ ચકલી દિવસ (World Sparrow Day)

## આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ




સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય ખુશી અથવા તો પ્રસન્નતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ **2012**માં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ **2013**થી દર વર્ષે 20 માર્ચના રોજ **International Happiness Day**ની ઉજવણી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ'ની થીમ **'Be Mindful, Be Grateful, Be Kind'** છે.

## વિશ્વ ચકલી દિવસ



ચકલીના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે સમગ્ર વિશ્વમાં 20 માર્ચના રોજ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ફ્રાન્સની 'ઈકો–સીઝ એક્શન ફાઉન્ડેશન' અને વિશ્વના અન્ય સંગઠનો સાથે મળીને ભારતની 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા શરૂ કરવામાં આવેલી આ એક પહેલ છે.
- આ અંતર્ગત સૌપ્રથમ વર્ષ **2010**માં પ્રથમ 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારતમાં ચકલીના સંરક્ષણ માટે નાસિકના નિવાસી શ્રી મોહમ્મદ દિલાવર નામના વ્યક્તિએ 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા'ની સ્થાપના કરી હતી.
- પર્યાવરણના સંરક્ષણ માટે 'નેચર ફોરેવર સોસાયટી ઓફ ઈન્ડિયા' દ્વારા **20 માર્ચ, 2011**થી ગુજરાતના અમદાવાદ ખાતેથી 'ચકલી એવોર્ડ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E

## વિશ્વ ચકલી દિવસ 2023ની થીમ

વર્ષ 2023ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ <u>I LOVE Sparrows'</u> છે.

# ICC દ્વારા વ્લાદિમીર પુતિન વિરુદ્ધ ધરપકડ વોરંટ

<u>ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)</u>એ રશિયાના રાષ્ટ્રપતિ <u>શ્રી વ્લાદિમાર પુતિન</u> અને <u>અન્ય રશિયન અધિકારી</u> માટે <u>યુદ્ધ અપરાધો</u> માટે <u>ધરપકડ વોરંટ જારી</u> કર્યું છે.

- આવું પ્રથમ વખત છે જ્યારે ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ <u>યુએન સિક્યુરિટી કાઉન્સિલ</u>ના પાંચ સ્થાયી સભ્યોમાંથી એક વિરુદ્ધ ધરપકડનું વોરંટ જારી કર્યુ છે.
- કોર્ટે જણાવ્યું હતું કે શ્રી વ્લાદીમીર પુતિને યુક્રેનમાં વોર ક્રાઈમ કર્યો છે. અને યુક્રેનિયન બાળકોના અપહરણ અને ડિપોર્ટેશનના ગુના માટે જવાબદાર છે.
- જોકે રશિયાએ યુદ્ધ ગુનાના આરોપોને નકારી કાઢ્યા છે.

## ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)

વધુ ન્યાયપૂર્ણ વિશ્વ બનાવવાની દિશામાં <u>120 દેશો</u> દ્વારા <u>17 જુલાઈ, 1998</u>ના રોજ '<u>રોમન કાનૂન</u>' અપનાવવામાં આવ્યું હતું.

- રોમન કાનૂન <u>1 જુલાઈ, 2002</u>ના રોજ અમલમાં આવ્યો હતો. 60 દેશો દ્વારા બહાલી આપ્યા બાદ સત્તાવાર રીતે <u>'ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ' (ICC)</u>ની સ્થાપના કરવામાં આવી હતી.
- તે પૂર્વવર્તી અધિકારક્ષેત્ર ધરાવતું ન હોવાથી, ICC આ તારીખે અથવા તે પછીના ગુનાઓની તપાસ કરવા માટે સક્ષમ છે.
- રોમ કાનૂન ચાર મુખ્ય ગુનાઓ પર ICCને અધિકાર ક્ષેત્ર આપે છે :

  (1) નરસંહારનો ગુનો

  (2) માનવતા વિરુદ્ધ ગુનાઓ

  (3) યુદ્ધ અપરાધો

  (4) આક્રમકતાનો ગુનો
- કોર્ટ અરાજકતાને સમાપ્ત કરવા માટેની વૈશ્વિક લડાઈમાં ભાગ લઈ રહી છે અને આંતરરાષ્ટ્રીય ફોજદારી ન્યાય દ્વારા તેમના ગુનાઓ માટે જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવા અને ભવિષ્યમાં સમાન ગુનાઓ બનતા અટકાવવામાં મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- હાલમાં રોમ કાનૂનના પક્ષકારોની સંખ્યા 123 છે, જોકે ભારત, યુએસ અને ચીન જેવા દેશો રોમ કાનૂનના પક્ષકારો નથી.
- ICCનું કાર્યાલય નેધરલેન્ડના હેગમાં આવેલું છે. આ ઉપરાંત તેની 6 પ્રાદેશિક કચેરીઓ પણ છે.

## ICC અને ICJ વચ્ચેનો તફાવત

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ દેશ અને આંતર–રાજ્ય વિવાદો સાથે વ્યવહાર કરે છે, જ્યારે ICC વ્યક્તિઓ પર કાર્યવાહી કરે છે.

- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસથી વિપરીત ICC એ સંયુક્ત રાષ્ટ્રની પ્રણાલીનો ભાગ નથી, પરંતુ UN-ICC સંબંધો અલગ કરાર દ્વારા સંચાલિત થાય છે.
- જ્યારે ICJ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગમાંનું એક છે.

## ICJ શું છે ?

ICJનું પૂરું નામ 'International Court of Justice' છે.

- ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસને ટૂંકમાં ICJ અથવા તો વિશ્વ અદાલત તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ICJ એ સંયુક્ત રાષ્ટ્રની પ્રાથમિક ન્યાયિક શાખા છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેની સ્થાપના 1945માં થઈ હતી.
- આ અદાલતનું કાર્યાલય 'શાંતિ મહેલ' (Peace Palace) તરીકે ઓળખાય છે.
- જે નેધરલેન્ડના હેગ ખાતે આવેલું છે.
- ICJમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી અને સુરક્ષા પરિષદ દ્વારા નવ વર્ષની મુદત માટે ચૂંટાયેલા 15 ન્યાયાધીશોની પેનલનો સમાવેશ થાય છે.

# Women and Men in India 2022 Report

કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે 16 માર્ચ, 2023ના રોજ Women and Men in India 2022 Report બહાર પાડ્યો હતો.

## રિપોર્ટના મુખ્ય તારણો

આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતનો લિંગ ગુણોત્તર અથવા 1000 પુરુષો દીઠ સ્ત્રીઓની સંખ્યા 2011ના 943થી વધીને 2036માં 952 થવાની ધારણા છે.

- રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે જન્મ સમયે લિંગ ગુણોત્તર 2017-19માં 904થી 2018-20માં ત્રણ પોઈન્ટ વધીને 907 થયો છે.
- વર્ષ 2017-18માં 15 વર્ષથી વધુ ઉંમરના શ્રમ દળની ભાગીદારીમાં વધારો જોવા મળ્યો છે. જોકે મહિલાઓ આમાં પુરુષોથી ઘણી પાછળ છે.
- વર્ષ 2021-2022માં આ દર પુરુષો માટે 77.2 અને સ્ત્રીઓ માટે 32.8 હતો. અને ઘણા વર્ષોથી આ અસમાનતામાં કોઈ સુધારો જોવા મળ્યો નથી.
- સામાજિક પરિબળો, શૈક્ષણિક લાયકાતો, મહેનતાણું અને કાર્યસ્થળ પર તકોની દષ્ટિએ લિંગ અસમાનતા આ પ્રકારની સમસ્યાના મુખ્ય કારણો છે.
- વસતી વૃદ્ધિ જે 1971થી નીચા વલણ પર છે, તે 2036માં વધુ ઘટીને 0.58 થવાનો અંદાજ છે.
- ભારતમાં વય અને લિંગ રચના અનુસાર 15 વર્ષથી ઓછી વયની વસતીમાં ઘટાડો થવાની ધારણા છે અને 60 વર્ષથી વધુની વસતી વર્ષ 2036 સુધીમાં થવાની ધારણા છે.
- આમ વસતી પિરામિડમાં ફેરફાર થશે કારણ કે વર્ષ 2036માં પિરામિડનો આધાર નાનો થશે, જ્યારે મધ્યમ ભાગ મોટો થશે.
- વય વિશિષ્ટ પ્રજનન દરમાં સુધારો થયો છે, જેમાં 2016 અને 2020ની વચ્ચે 20-24 વર્ષ અને 25-29 વર્ષની વય જૂથમાં જીવંત જન્મોની સંખ્યા અનુક્રમે 135.4 અને 166.0 થી ઘટીને 113.6 અને 139.6 થઈ છે.






| | | |
|---|---|---|
| 1. | સયુંક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ' અથવા તો 'International Happiness Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ | (C) |
| 2. | 'વિશ્વ ચકલી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 18 માર્ચ (B) 19 માર્ચ (C) 20 માર્ચ (D) 21 માર્ચ | (C) |
| 3. | વર્ષ 2023ની 'વિશ્વ ચકલી દિવસ'ની થીમ શું છે ?<br>(A) Save Sparrow (B) I Love Sparrow<br>(C) Save Sparrow Save Bird (D) I Love Sparrow I Love Birds | (B) |
| 4. | તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ' (ICC)નું કાર્યાલય કયાં આવેલું છે ?<br>(A) પેરિસ, ફ્રાન્સ (B) ન્યુયોર્ક, અમેરિકા (C) હેગ, નેધરલેન્ડ (D) દુબઈ, UAE | (C) |
| 5. | 'Women and Men in India 2022 Report' અનુસાર ભારતનો લિંગ ગુણોત્તર અથવા 1000 પુરુષ દીઠ સ્ત્રીઓની સંખ્યા 2011ના 943થી વધી 2036માં _____ થવાની ધારણા છે.<br>(A) 952 (B) 961 (C) 966 (D) 969 | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દિવસ મહિમા : 21 માર્ચ,

(1) આંતરરાષ્ટ્રીય વન દિવસ
(International Day of Forest)

(2) વિશ્વ કવિતા દિવસ
(World Poetry Day)

(3) આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ

(4) આંતરરાષ્ટ્રીય નૌરોઝ દિવસ
(International Nowruz Day)

(5) વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ
(World Down Syndrome Day)

(6) આંતરરાષ્ટ્રીય કલર દિવસ
(International Colour Day)

## આંતરરાષ્ટ્રીય વન દિવસ

INSTITUTE FOR COMPETITIVE




વન સંરક્ષણ વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સયુંક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 28 નવેમ્બર, 2012ના રોજ 21 માર્ચને આંતરરાષ્ટ્રીય વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ અંતર્ગત 21 માર્ચ 2013ના રોજ સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય વન દિવસ'ની થીમ 'Forests and Health' છે.

## વિશ્વ કવિતા દિવસ

વિશ્વભરમાં કવિતાના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 માર્ચના રોજ 'વિશ્વ કવિતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 1999માં પેરિસ ખાતે યોજાયેલા યુનેસ્કોના 30મા સત્રમાં યુનેસ્કો દ્વારા 21 માર્ચના રોજ વિશ્વ કવિતા દિવસની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય કવિતા ચળવળને નવી માન્યતા અને પ્રોત્સાહન આપવાનો છે.

નોંધ : (1) UNESCOનું પૂરું નામ 'યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન' છે.

(2) યુનેસ્કોનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

## ગંડક (નારાયણી) નદી પર રિવર ફ્રન્ટ બનાવવામાં આવશે

તાજેતરમાં નમામી ગંગે કાર્યક્રમ હેઠળ બિહારના ગોપાલગંજ જિલ્લામાં ગંડક(નારાયણી) નદી પર રિવર ફ્રન્ટના વિકાસ સાથે બે ઘાટનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

### ગંડક નદી

ગંડક નદીનો ઉદ્દ્ભવ નેપાળમાં ધૌલાગિરિ અને માઉન્ટ એવરેસ્ટ શ્રેણીમાંથી ઉદ્દ્ભવતી કાળી–ગંડક અને ત્રિશૂળ નદીઓના સંગમથી થાય છે.

- ગંડક નદીને નેપાળમાં 'શાલીગ્રામ' અને મેદાનમાં તેને 'નારાયણી' કહે છે.
- ગંડક નદી ઉત્તરપ્રદેશ અને બિહાર રાજ્યની સરહદ બનાવે છે.
- ગંડક નદી બિહારમાં પટના પાસે સોનપુરમાં ગંગાને મળે છે.
- આ નદી ઉત્તરપ્રદેશ અને બિહાર રાજ્યમાંથી વહે છે.
- આ નદીની કુલ લંબાઈ આશરે 630 કિ.મી. છે.
- બિહારમાં વાલ્મિકી નેશનલ પાર્ક અને ટાઈગર રિઝર્વ આ નદીના કિનારે આવેલું છે.

## ભારતમાં 2023 SAFF ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવશે

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)એ જાહેરાત કરી છે કે દક્ષિણ એશિયાની સૌથી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ટુર્નામેન્ટ 'SAFF ચેમ્પિયનશિપની 2023 આવૃત્તિ બેંગલુરુમાં 21 જૂનથી 3 જુલાઈ દરમિયાન યોજાશે.

- તિરુવનંતપુરમમાં આયોજિત 2015ની આવૃત્તિ બાદ આ ટુર્નામેન્ટ પ્રથમ વખત ભારતમાં યોજાઈ રહી છે.
- આ ટુર્નામેન્ટમાં સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન (SAFF)ના તમામ સભ્ય સંગઠનો ભાગ લેશે.
- ભારતે છેલ્લી 12 આવૃત્તિઓમાંથી આઠ વખત ટુર્નામેન્ટ જીતી છે, જેનાથી તે SAFF ચેમ્પિયનશિપના ઈતિહાસમાં સૌથી સફળ ટીમ બની છે.

1. ‘વિશ્વ કવિતા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

2. ‘આંતરરાષ્ટ્રીય જાતિવાદી ભેદભાવ નાબૂદી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

3. ‘આંતરરાષ્ટ્રીય નૌરાઝ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

4. ‘વિશ્વ ડાઉન સિન્ડ્રોમ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

5. ‘વિશ્વ કલર દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

6. ‘આંતરરાષ્ટ્રીય વન દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 માર્ચ (B) 20 માર્ચ (C) 21 માર્ચ (D) 22 માર્ચ **(C)**

7. વર્ષ 2023ની ‘આંતરરાષ્ટ્રીય વન દિવસ’ની થીમ શું છે ?

(A) Forest and Health

(B) Forests and World Animal

(C) Forests and World Pollution

(D) Forests and World Environment **(A)**

8. તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘ગંડક નદી’ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ગંડક નદીને નેપાળમાં ‘શાલીગ્રામ’ અને મેદાનમાં તેને નારાયણી કહે છે.

(B) ગંડક નદી ઉત્તરપ્રદેશ અને બિહાર રાજ્યની સરહદ બનાવે છે.

(C) આ નદીની કુલ લંબાઈ 630 કિ.મી. છે.

(D) ઉપરોક્ત તમામ સાચા છે. **(D)**

9. તાજેતરમાં કરેલી એક જાહેરાત અનુસાર કયા દેશમાં ‘SAFF (સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન) ચેમ્પિયનશિપ’નું આયોજન કરવામાં આવશે ?

(A) ભારત (B) નેપાળ (C) બાંગ્લાદેશ (D) ચીન **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 22 માર્ચ, વિશ્વ જળ દિવસ (World Water Day)




સમગ્ર વિશ્વમાં શુદ્ધ પાણીના મહત્ત્વ અંગે જાગૃતિ ફેલાવવા માટે યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ શુદ્ધ પાણીના સંસાધનોના શ્રેષ્ઠ મેનેજમેન્ટનો પણ છે.
- યુનાઈટેડ નેશન્સ દ્વારા સૌપ્રથમ વખત 22 માર્ચ, 1993ના રોજ પ્રથમ 'વિશ્વ જળ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2023ની 'વિશ્વ જળ દિવસ'ની થીમ 'Accelerating the Change to Solve the Water and Sanitations Crisis' (પાણી અને સ્વચ્છતા સંકટને ઉકેલવા માટે પરિવર્તનને વેગ આપવો.) છે.

**નોંધ :** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડિસેમ્બર 1992માં દર વર્ષે 22 માર્ચના રોજ 'વિશ્વ જળ દિવસ' ઉજવવાની સ્વીકૃતિ આપવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## World Happiness Report 2023

યુનાઈટેડ નેશન્સના સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN) દ્વારા તાજેતરમાં વર્ષ 2023નો 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટમાં ભારત 126મા ક્રમે છે.
- આ અગાઉ પ્રસિદ્ધ થયેલા રિપોર્ટમાં ભારત 136માં ક્રમે હતું.
- આ વર્ષે ભારતની રેન્કિંગમાં સુધારો જોવા મળ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં ફિનલેન્ડના લોકો સૌથી વધુ ખુશ છે. એટલે કે તે આ રિપોર્ટમાં પ્રથમ ક્રમે છે.
- ફિનલેન્ડ બાદ ક્રમશઃ ડેનમાર્ક, આઈસલેન્ડ, ઈઝરાયેલ અને નેધરલેન્ડ આ રિપોર્ટમાં ટોચના પાંચ સ્થાને છે.
- જ્યારે અફઘાનિસ્તાન આ રિપોર્ટમાં અંતિમ 137માં સ્થાને છે.
- વર્ષ 2023માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર પાકિસ્તાન, ચીન, નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, મ્યાનમાર (અફઘાનિસ્તાન સિવાયના) ભારતના પાડોશી દેશો ભારત કરતા વધારે ખુશ છે.

## વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2023 Rank

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| 1 | ફિનલેન્ડ | 64 | ચીન |
| 2 | ડેનમાર્ક | 78 | નેપાળ |
| 3 | આઈસલેન્ડ | 108 | પાકિસ્તાન |
| 4 | ઈઝરાયેલ | 112 | શ્રીલંકા |
| 5 | નેધરલેન્ડ | 117 | મ્યાનમાર |
| 15 | અમેરિકા | 118 | બાંગ્લાદેશ |
| 19 | યુ.કે. | 126 | ભારત |
| 47 | જાપાન | 137 | અફઘાનિસ્તાન |

**નોંધ :** (1) આ રિપોર્ટ તૈયાર કરવા માટે માથાદીઠ આવક, સુશાસન, ભ્રષ્ટાચાર, દેશનો સોશિયલ સપોર્ટ, સ્વસ્થ રહેવાની આશા, નિર્ણયો લેવાની આઝાદી, દેશના નાગરિકોનું સરેરાશ આયુષ્ય વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

(2) વિશ્વમાં હેપ્પીનેસ માપવાનો ખ્યાલ સૌપ્રથમ ભૂટાન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. ભૂટાનના પ્રસ્તાવથી યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2012થી આ રિપોર્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બુરુન્ડીએ પોલિયો ફાટી નીકળવાની જાહેરાત કરી

પૂર્વ આફ્રિકાનો લેન્ડલોક દેશ બુરુન્ડીએ 30 વર્ષમાં પ્રથમ વખત પોલિયો ફાટી નીકળવાની જાહેરાત કરી છે.

- પશ્ચિમ બુરુન્ડીના ઈસ્લે જિલ્લામાં ચાર વર્ષના છોકરાને રસી–સંબંધિત પોલિયો સાથે સંપર્કમાં આવેલા અન્ય બે બાળકો સાથે નિદાન થયા પછી પોલિયોના પ્રકોપની જાહેરાત કરી હતી.
- WHO અનુસાર આ પ્રદેશના ગંદાપાણીના પર્યાવરણીય સર્વેલન્સમાંથી પાંચ નમૂનાઓમાં પણ પોલિયો વાયરસ પ્રકાર 2ની પૃષ્ઠિ થઈ હતી.
- પોલિયો વાયરસ પ્રકાર 2 એ મૌખિક પોલિયો રસીમાં સમાવિષ્ટ વાયરસનો નબળો સ્ટ્રેન છે.
- WHOના જણાવ્યા અનુસાર બાળકોમાં તીવ્ર અસ્થિર લકવોનું કારણ બની શકે છે.
- પોલિયો સામે બુરુન્ડીની છેલ્લી રસીકરણ ઝુંબેશ 2016માં હતી અને વાયરસ સામે દેશની રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી હોવાનું માનવામાં આવે છે.

1. ‘વિશ્વ જળ દિવસ’ (World Water Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 માર્ચ (B) 21 માર્ચ (C) 22 માર્ચ (D) 23 માર્ચ — (C)

2. વર્ષ 2023ની ‘વિશ્વ જળ દિવસ’ની થીમ શું છે ?

(A) Why Wast Water ?

(B) Accelerating the Change to Solve the Water and Sanitations Crisis

(C) Water and Climat Change

(D) Water and Energy — (B)

3. ‘વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2023’માં ભારત કયા ક્રમે છે ?

(A) 122 (B) 126 (C) 131 (D) 136 — (B)

4. ‘વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2023’માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) ડેનમાર્ક (D) નેધરલેન્ડ — (B)

5. ‘વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ 2023’ માં અંતિમ ક્રમે કયો દેશ છે ?

(A) બરુંડી (B) સાઉથ સુદાન (C) કોંગો (D) અફઘાનિસ્તાન — (D)

6. તાજેતરમાં પૂર્વ આફ્રિકાના કયા દેશે પોલિયો ફાટી નિકળવાની જાહેરાત કરી હતી ?

(A) બરુન્ડી (B) ઘાના (C) સેનેગલ (D) માલી — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 23 માર્ચ, (1) શહીદ દિવસ
## (2) વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ (World Meteorological Day)

### શહીદ દિવસ




23 માર્ચ, 1931ના રોજ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરૂને ‘લાહોર ષડયંત્ર કેસ’માં ફાંસી આપવામાં આવી હતી.

- આથી, આ વીર શહીદોની યાદમાં ભારતમાં દર વર્ષે 23 માર્ચના રોજ આ શહીદોની પૂણ્યતિથિ અથવા શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

નોંધ : મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ 30 જાન્યુઆરીના દિવસને પણ શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

### વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ

World Meterological Organizationની સ્થાપના 23 માર્ચ, 1950ના રોજ થઈ હતી.

- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 23 માર્ચના રોજ 'World Meteorological Day' અથવા તો ‘વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2023ની ‘વિશ્વ મોસમ દિવસ’ની થીમ 'The Future of Weather, Climate and Water Across Generations' છે.

નોંધ : (1) World Meteorological Organization એ સંયુક્ત રાષ્ટ્રની એક ખાસ શાખા છે.

(2) તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

(3) ‘વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ’ને ‘વિશ્વ હવામાન દિવસ’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## એન્ટી સબમરીન ક્રાફ્ટ INS એન્ડ્રોથ લોન્ચ કરવામાં આવ્યું

ભારતે તાજેતરમાં એન્ટી સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ (ASW SWC)ની આઠ જહાજ શ્રેણીના ભાગરૂપે INS એન્ડ્રોથ (INS Androth) લોન્ચ કર્યુ છે.

## INS એન્ડ્રોથ



INS એન્ડ્રોથનું નામ એન્ડ્રોથ ટાપુ તરીકે ઓળખાતા લક્ષદ્વીપ ટાપુઓના સૌથી મોટા અને સૌથી લાંબા ટાપુ પરથી રાખવામાં આવ્યું છે.


- તે કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- INS એન્ડ્રોથ લગભગ 77.6 મીટર લાંબુ, 10 મીટર પહોળું અને માત્ર 2.7 મીટરના ડ્રાફ્ટની જરૂર છે.
- તેને ત્રણ ડીઝલ સંચાલિત વોટર જેટ દ્વારા ચલાવવામાં આવે છે, જે તેને મહત્તમ 25 નોટની ઝડપ પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવે છે.
- INS એન્ડ્રોથનું પ્રાથમિક કાર્ય સબમરીન વિરોધી કામગીરી, ઓછી તીવ્રતાની દરિયાઈ કામગીરી અને ખાણ કામ કામગીરી કરવાનું છે.
- આ જહાજો દરિયાકાંઠાના પાણી અને સપાટીના વિવિધ પ્લેટફોર્મની સંપૂર્ણ ઉપ–સપાટી દેખરેખ અને એરક્રાફ્ટ સાથે સંકલિત ASW કામગીરીમાં પણ સક્ષમ છે.
- આ જહાજો કદમાં નાના છે, પરંતુ હળવા ટોર્પિડો, ASW રોકેટ અને ખાણો, ક્લોઝ–ઈન વેપન સિસ્ટમ્સ (30મીમી બંદૂક સાથે) અને 16.7 મીમી સ્ટેબિલાઈઝ્ડ રિમોર્ટ–કન્ટ્રોલ્ડ ગન વહન કરવા પણ સક્ષમ છે.

નોંધ : (1) એન્ટી સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ (ASW SWC) દરિયાકાંઠાના પાણી અને વિવિધ સપાટીના પ્લેટફોર્મની સંપૂર્ણ પેટા–સપાટી સર્વેલન્સ માટે સક્ષમ છે. તે ASW ઓપરેશનમાં એરક્રાફ્ટ સાથે એકીકૃત સંકલન કરી શકે છે.

(2) તે કદમાં નાનું હોવા છતા ઘાતક હુમલો કરવા સક્ષમ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના 6G પ્રોજેક્ટનું અનાવરણ કર્યુ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ભારતના 6G પ્રોજેક્ટનું અનાવરણ કર્યુ છે.

- જે ભારતમાં આગામી પેઢીમાં ટેક્નોલોજી માટે કેન્દ્રિત પહેલની કલ્પના કરે છે.
- આ ઉપરાંત તેમણે નવી નેટવર્ક ટેક્નોલોજી પર સંશોધન માટે સત્તાવાર 6G ટેસ્ટ બેડ લોન્ચ કર્યો છે.

## ભારત 6G પ્રોજેક્ટ

ભારતનો 6G પ્રોજેક્ટ બે તબક્કામાં લાગુ કરવામાં આવશે 2023 થી 2025 સુધીનો તબક્કો 1 અને 2025 થી 2030 સુધીનો તબક્કો 2.

- સરકારે પ્રોજેક્ટની દેખરેખ અને માનકીકરણ 6G ઉપયોગ માટે સ્પેક્ટ્રમ ઓળખવા, સાધનો અને સિસ્ટમ માટે ઈકોસિસ્ટમ બનાવવા અને અન્ય બાબતોની સાથે સંશોધન અને વિકાસ માટે ભંડોળ શોધવા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે એક સર્વોચ્ચ કાઉન્સિલની નિમણૂક કરવામાં આવી છે.
- કાઉન્સિલનું મુખ્ય ધ્યાન ટેરાહર્ટ્ઝ કમ્યુનિકેશન, રેડિયો ઈન્ટરફેસ, ટેક્ટાઈલ ઈન્ટરનેટ, કનેક્ટેડ ઈન્ટેલિજન્સ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, 6G ડિવાઈસ માટે નવી એન્કોડિંગ પદ્ધતિઓ અને વેવફોર્મ ચિપસેટ્સ જેવી નવી ટેક્નોલોજી પર રહેશે.
- પ્રથમ તબક્કામાં સંશોધન વિચારો, સાહસ મૂડી અને પ્રૂફ–ઓફ–કન્સેપ્ટ (POC) પરીક્ષણ માટે સમર્થન આપવામાં આવશે.
- બીજા તબક્કાના ભાગરૂપે વૈશ્વિક સમકક્ષ સમુદાય દ્વારા સ્વીકૃત માટે સંભવિત વિચારો અને વિભાવનાઓને આશાસ્પદ અને પરિપૂર્ણ કરવા તેમના ઉપયોગ અને લાભો તથા અમલીકરણ IP અને વ્યાપારીકરણ માટે ટેસ્ટબેડ બનાવવા માટે યોગ્ય સમર્થન પ્રદાન કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉદ્દેશ્ય

તે ભારતને ઓછી કિંમતની 6G ટેલિકોમ્યુનિકેશન સિસ્ટમ માટે બૌદ્ધિક સંપદા, ઉત્પાદનો અને ઉકેલોના અગ્રણી વૈશ્વિક સપ્લાયર તરીકે સ્થાપિત કરવા તેમજ ભારતના તુલનાત્મક લાભોના આધારે 6G સંશોધન માટે પ્રાથમિકતાના ક્ષેત્રોને ઓળખવા માંગે છે.

## મહત્વ

આ પ્રોજેક્ટ ભારતમાં સ્ટાર્ટઅપ્સ, સંશોધકો, ઉદ્યોગ અને અન્ય બ્રોડબેન્ડ વાયરલેસ એપ્લિકેશન જેમ કે ઈ–ગવર્નન્સ, સ્માર્ટ સિટીઝ, ગ્રામીણ બ્રોડબેન્ડ અથવા આત્મનિર્ભર ભારત હેઠળ અન્ય ડિજિટલ ઈન્ડિયા પહેલ માટે એક સંશોધન અને વિકાસ (R&D) પ્લેટફોર્મ પૂરું પાડશે.

## 6G સપ્લાય ચેઈન

નવેમ્બર 2021માં સરકારે ટેલિકોમ સચિવ કે. રાજારામનની અધ્યક્ષતામાં 22 સભ્યોના ઈનોવેશન ગ્રુપની રચના કરવામાં આવી હતી.

- નવા 6G ટેસ્ટબેડને ગુવાહાટી અને મદ્રાસ સહિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT)ના કન્સોર્ટિયમ દ્વારા સહ–વિકાસ કરવામાં આવી રહ્યો છે.

- આ પ્રોજેક્ટ ભારતમાં સ્ટાર્ટ–અપ્સ, સંશોધકો, ઉદ્યોગ અને અન્ય બ્રોડબેન્ડ વાયરલેસ એપ્લીકેશન જેમ કે ઇ–ગવર્નન્સ, સ્માર્ટ સિટીઝ, ગ્રામીણ બ્રોડબેન્ડ અથવા આત્મનિર્ભર ભારત હેઠળની અન્ય ડિજિટલ ઈન્ડિયા પહેલ માટે એક સંશોધન અને વિકાસ પ્લેટફોર્મ પૂરું પાડશે.

## 6G ટેક્નોલોજી

6G એ છઠ્ઠી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે. 1G, 2G, 3G, 4G અને 5G નેટવર્ક પછી તે નવું વૈશ્વિક સ્ટાન્ડર્ડ હશે.

- તે 5G નેટવર્ક્સ કરતા ઉચ્ચ ફ્રિકવન્સીઝનો ઉપયોગ કરી શકશે અને નોંધપાત્ર રીતે વધુ ક્ષમતા અને ઝડપ પ્રદાન કરી શકશે.
- માઈક્રોસેકન્ડ–લેટન્સી કોમ્યુનિકેશન્સ માટે સપોર્ટએ 6G ઈન્ટરનેટના ધ્યેયોમાંથી એક હશે.
- તે ફ્રિકવન્સીઝના હાલમાં ન વપરાયેલ ટેરાહર્ટ્ઝ બેન્ડનો ઉપયોગ કરશે.
- ટેરાહર્ટ્ઝ તરંગો ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ પર ઈન્ફ્રારેડ તરંગો અને માઈક્રોવેવ્સ વચ્ચે સ્થિત છે.
- આ તરંગો ખૂબ જ ટૂંકા અને નાજૂક હોય છે, પરંતુ તેમાં સૌથી વધુ મુક્ત સ્પેક્ટ્રમ હોય છે, જે પ્રભાવશાળી ડેટા રેટ માટે પરવાનગી આપે છે.

### પ્રથમ પેઢીથી પાંચમી પેઢી સુધીની ઉત્ક્રાંતિ

| પેઢી | વિશેષતા |
|---|---|
| 1G | –1G 1980ના દાયકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું.<br>– તે એનાલોગ રેડિયો સિગ્નલ પર કામ કરતું હતું અને માત્ર વોઈસ કોલ્સને સપોર્ટ કરતું હતું. |
| 2G | – 2G 1990ના દાયકામાં લોન્ચ કરવામાં આવ્યું હતું.<br>– જે ડિજિટલ રેડિયો સિગ્નલનો ઉપયોગ કરે છે અને 64 kbps ની બેન્ડવિડ્થ સાથે વોઈસ અને ડેટા ટ્રાન્સમિશન બંનેને સપોર્ટ કરે છે. |
| 3G | –3Gને 2000ના દાયકામાં 1mbpsની ઝડપ સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. અને તે ડિજિટલ વોઈસ, વીડિયો કોલ્સ અને કોન્ફરન્સિંગ સહિત ટેલિફોન સિગ્નલ ટ્રાન્સમીટ કરવાની ક્ષમતા ધરાવે છે. |
| 4G | – તેને વર્ષ 2009/2010માં 100mbps થી 1gpbsની 'પીક સ્પીડ' સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું અને તે 3D વર્ચ્યુઅલ રિયાલિટીને પણ સક્ષમ કરે છે. |
| 5G | – તેને ઓક્ટોબર 2022માં લોન્ચ કરવામાં આવ્યું હતું. 5G એ 4G નેટવર્ક કરતા 10 ગણી વધુ ઝડપી ઈન્ટરનેટ સેવા પૂરી પાડે છે. 28 GHzની ઘણી ઊંચી રેડિયો ફ્રીકવન્સીનો ઉપયોગ કરે છે. તે ઓછી વિક્ષેપ સાથે વધુ ઝડપ ધરાવે છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જાપાનના વડાપ્રધાનની ભારત મુલાકાત



તાજેતરમાં જાપાનના વડાપ્રધાન શ્રી ફ્યુમિયો કિશિદાએ બે દિવસીય ભારતની મુલાકાત લીધી હતી.

- આ દરમિયાન નવી દિલ્હી સ્થિત હૈદરાબાદ હાઉસમાં તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત કરી હતી.
- આ પ્રસંગે બંને દેશના નેતાઓ વચ્ચે મહત્વના અનેક મુદ્દે વાતચીત થઈ હતી.
- આ ઉપરાંત જાપાનના વડાપ્રધાનએ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને G7 બેઠકમાં સામેલ થવા નિમંત્રણ આપ્યું હતું.

### મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક માટે જાપાનની યોજના

જાપાનના વડાપ્રધાન શ્રી ફ્યુમિયો કિશિદાએ તાજેતરની ભારતની મુલાકાત દરમિયાન મુક્ત અને ખુલ્લા ઈન્ડો–પેસિફિક ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે એક નવી યોજનાનું અનાવરણ કર્યુ હતું.

- આ યોજનાનો ઉદ્દેશ્ય દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયાના દેશો સાથે આ ક્ષેત્રમાં ચીનની વધતી જતી દઢતાનો સામનો કરવાનો છે, ખાસ કરીને પૂર્વ ચીન સાગરમાં વિવાદિત સેનકાકુ/ડિયાઓયુ ટાપુઓ પર.
- જાપાનની નવી ઈન્ડો–પેસિફિક યોજના માટે ચાર 'સ્તંભો'ની રૂપરેખા આપી હતી.
- જેમાં શાંતિ જાળવવી, ઈન્ડો–પેસિફિક દેશો સાથે સહકાર દ્વારા નવા વૈશ્વિક મુદ્દાઓનો સામનો કરવો, વિવિધ પ્લેટફોર્મ દ્વારા વૈશ્વિક જોડાણ હાંસલ કરવું અને ખુલ્લા સમુદ્ર સહિતની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે.
- આ યોજનામાં 2030 સુધીમાં ખાનગી રોકાણ અને યેન લોન દ્વારા વધુ ધિરાણ અને સત્તાવાર સરકારી સહાય તથા અનુદાન દ્વારા 75 બિલિયન અમેરિકન ડોલરની પ્રતિબદ્ધતાનો સમાવેશ થાય છે.

### કનેક્ટિવિટી અને નેવિગેશન

જાપાનના વડાપ્રધાનશ્રીએ બંને દેશો વચ્ચે કનેક્ટિવિટી વધારવા અને નેવિગેશનની સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો.

- આ ઉપરાંત તેઓએ સમાન વિચાર ધરવતા દેશો વચ્ચે દરિયાઈ સંરક્ષણ અને સુરક્ષા વધારવાના મહત્વ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

- નવી યોજનામાં આસિયાન અને પેસિફિક ટાપુઓ સાથે સદ્‌ભાવના અભ્યાસ સિવાય ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે સંયુક્ત દરિયાઈ કવાયતોનો સમાવેશ થાય છે.

## ચંદનથી બનેલી ભગવાન બુદ્ધની પ્રતિમા

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાપાનના વડાપ્રધાન શ્રી ફ્યુમિયો કિશિદાને ખાસ બોક્સની અંદર કર્ણાટકના ચંદનના લાકડામાંથી બનાવવામાં આવેલી ભગવાન બુદ્ધની પ્રતિમાની ભેટ આપી હતી.

- ચંદનથી બનેલી આ પ્રતિમામાં ભગવાન બુદ્ધને બોધિવૃક્ષ નીચે 'ધ્યાન મુદ્રામાં' બેઠેલા દર્શાવવામાં આવ્યા છે.
- ભગવાન બુદ્ધની આ પ્રતિમા ખાસ છે કારણ કે ચંદનની નકશીકળાથી બનાવાયેલું પ્રાચીન શિલ્પ છે.
- આ શિલ્પ સદીઓથી કર્ણાટકમાં પ્રચલિત છે.



1. ભારતના વીર ક્રાંતિકારી શ્રી ભગતસિંહ, શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુને ક્યારે ફાંસી આપવામાં આવી હતી ?
(A) 23 માર્ચ, 1930 (B) 23 માર્ચ, 1931 (C) 23 માર્ચ, 1932 (D) 23 માર્ચ, 1933 **(B)**

2. 'વિશ્વ મોસમ વિજ્ઞાન દિવસ' અથવા 'વિશ્વ હવામાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 21 માર્ચ (B) 22 માર્ચ (C) 23 માર્ચ (D) 24 માર્ચ **(C)**

3. ભારતે તાજેતરમાં એન્ટી સબમરીન વોરફેર શેલો વોટર ક્રાફ્ટ (ASW SWC)ની આઠ જહાજ શ્રેણીના ભાગરૂપે 'INS એન્ડ્રોથ' (INS Androth) લોન્ચ કર્યુ હતું. આ INS એન્ડ્રોથ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તેને કોલકાતામાં ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા બનાવવામાં આવ્યું હતું.
2. તેને ત્રણ ડીઝલ સંચાલિત વોટર જેટ દ્વારા ચલાવવામાં આવે છે, જે તેને 25 નોટની ઝડપ પ્રાપ્ત કરવા માટે સક્ષમ બનાવે છે.
3. આ જહાજો દરિયાકાંઠાના પાણી અને સપાટીના વિવિધ પ્લેટફોર્મની સંપૂર્ણ ઉપ–સપાટી દેખરેખ અને એરક્રાફ્ટ સાથે સંકલિત ASW કામગીરીમાં પણ સક્ષમ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

4. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ભારતના 6G પ્રોજેક્ટનું અનાવરણ કર્યુ હતું. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
(A) ભારતનો 6G પ્રોજેક્ટ બે તબક્કામાં લાગુ કરવામાં આવશે-2023 થી 2025 સુધીનો તબક્કો 1 અને 2025 થી 2030 સુધીનો તબક્કો 2.
(B) ભારતમાં 6G પ્રોજેક્ટના અમલીકરણ માટે શ્રી એમ.વી. સુબ્રમણ્યમ સમિતિની રચના કરવામાં આવી હતી.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા **(C)**

5. તાજેતરમાં જાપાનના વડાપ્રધાન શ્રી ફ્યુમિયો કિશિદા ભારતની મુલાકાતે આવ્યા હતા. આ પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને શું ભેટ આપી હતી ?
(A) ચંદનના લાકડામાંથી બનાવવામાં આવેલ ભગવાન બુદ્ધની પ્રતિમા
(B) પિથોરા વોલ–પેઈન્ટિંગ
(C) હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં બનાવેલ પીત્તળના વાસણનો સેટ
(D) હિમાચલ પ્રદેશના કાંગડાના લઘુચીત્ર **(A)**


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 24 માર્ચ, (1) વિશ્વ ક્ષય (ટી.બી.) દિન
## (2) International Day for Achievers

### વિશ્વ ક્ષય (ટી.બી.) દિન

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 24 માર્ચ, 1882ના રોજ ડો. રોબર્ટ કોચ નામના તબીબે સૌપ્રથમ વખત ક્ષય રોગના જંતુઓની શોધ કરી હતી.
- આથી, આ દિવસની યાદમાં દર વર્ષે 24 માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસ ઉજવવાનો હેતુ ક્ષયથી પીડાતા રોગીઓને શોધીને તેમને તેની સારવાર મફત મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવાનો છે.
- ક્ષયનો રોગ બીડી, સિગારેટ, તમાકુ વગેરેના વધુ પડતા સેવનના કારણે થાય છે.
- વર્ષ 2023ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ 'Yes ! We Can End TB !!' છે.



### T.B.

ક્ષય રોગને અંગ્રેજીમાં ટૂંકમાં T.B. તરીકે ઓળખવામાં આવે છે.

- T.B.નું પૂરું નામ Tuberculosis છે.
- ભારત સરકારની વર્ષ 2017ની આરોગ્ય નીતિમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.
- આ અંતર્ગત વર્ષ 2025 સુધીમાં ભારતમાંથી ટી.બી.નું ઉન્મૂલ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અભ્યાસ કોંકણ 2023 (Exercise Konkan 2023)

વાર્ષિક દ્વિપક્ષીય દરિયાઈ કવાયત કોંકણ 2023 એ ભારતીય નૌકાદળ અને બ્રિટનની રોયલ નેવી વચ્ચે હાથ ધરવામાં આવેલી સંયુક્ત કવાયત હતી.



- આ વાર્ષિક લશ્કરી કવાયત 20 થી 22 માર્ચ 2023 દરમિયાન અરબી સમુદ્રમાં કોંકણ કિનારે હાથ ધરવામાં આવી હતી.
- નોંધનીય છે કે કોંકણ કવાયતની શ્રેણી વર્ષ 2004માં શરૂ થઈ હતી.
- આ કવાયતમાં સજ્જતા, ઉન્નત આંતર કાર્યક્ષમતા અને સંયુક્ત કામગીરીનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

- આ કવાયતમાં ભાગ લેનારા જહાજોમાં INS ત્રિશુલ (ભારતીય નૌકાદળ), HMS લેન્કેસ્ટર (રોયલ નેવી) અને ટાઈપ 23 ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટનો સમાવેશ થાય છે.
- આ કવાયતમાં વાયુ, સપાટી અને પેટા સપાટીની કામગીરીને આવરી લેવામાં આવી હતી.
- જેમ કે કિલર ટોમેટો નામના ફુલેલા સપાટીના લક્ષ્ય પર ગનરી શૂટ, હેલિકોપ્ટર ઓપરેશન્સ, એરક્રાફ્ટ વિરોધ અને સબમરીન વિરોધી યુદ્ધ અભ્યાસો, વિઝિટ બોર્ડ સર્ચ એન્ડ સીઝર, જહાજના દાવપેચ અને કર્મચારીઓનું વિનિમયનો સમાવેશ થાય છે.

## વિષય આધારિત QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ - 2023

તાજેતરમાં 'વિષય આધારિત QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2023' (QS World University Rankings by Subject 2023) બહાર પાડવામાં આવ્યું છે.

- નોંધનીય છે કે આ પહેલાં વર્ષ 2022માં 'QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2023' બહાર પાડવામાં આવ્યો હતો.

### અહેવાલના મુખ્ય મુદ્દાઓ

આ રેન્કિંગમાં 54 શૈક્ષણિક શાખાઓ આવરી લેવામાં આવી છે.

- જેમાં ભારતીય યુનિવર્સિટીઓ કમ્પ્યૂટર વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, વ્યવસાય અભ્યાસ અને ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રોમાં સારુ પ્રદર્શન કરી રહી છે.
- અમેરિકાની 'Massachusetts Institute of Technology'(MIT) આ રેન્કિંગમાં પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ યુકેની કેમ્બ્રિજ યુનિવર્સિટી બીજા અને અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ત્રીજા ક્રમે છે.

### ભારતનું પ્રદર્શન

ઈન્સ્ટિટ્યૂટ ઓફ એમિનન્સ (IOE)ની આગેવાની હેઠળ ભારતે QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં તેની સ્થિતિ સુધારી છે.

- જેમાં તેમના સંબંધિત વિષય કેટેગરીમાં 44 અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.
- 'સવેથા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એન્ડ ટેક્નિકલ સાયન્સ (ડેન્ટલ પ્રોગ્રામમાં)'એ વૈશ્વિક સ્તરે 13મો રેન્ક મેળવ્યો છે. જે ભારતીય સંસ્થાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી સંસ્થા છે.
- IIT-કાનપુર (ઈલેક્ટ્રિક એન્જિનિયરિંગ, 87માં ક્રમે)ને પ્રથમ વખત ટોચની 100 શ્રેણીમાં દર્શાવવામાં આવ્યું છે.
- IIT-મદ્રાસ (પેટ્રોલિયમ એન્જિનિયરિંગમાં 21મું સ્થાન), IIT-બોમ્બે (ગણિતમાં 92મો ક્રમ) અને IIT દિલ્હી (ઈલેક્ટ્રિક એન્જિનિયરિંગમાં 49માં ક્રમે) છે.
- ચીનના 21.9% સુધારા પછી ભારત તેના એકંદર પ્રદર્શનમાં વાર્ષિક ધોરણે 17.2% સુધારા સાથે એશિયામાં બીજા ક્રમનો શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર દેશ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ ક્ષય દિન' અથવા 'વિશ્વ ટી.બી. દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 માર્ચ (B) 23 માર્ચ (C) 24 માર્ચ (D) 25 માર્ચ **(C)**

2. વર્ષ 2023ની 'વિશ્વ ક્ષય દિવસ'ની થીમ શું છે ?

(A) It's time (B) I am Stopping TB

(C) Unite to End TB (D) Yes ! We can end TB !! **(D)**

3. T.B.નું પૂરું નામ શું છે ?

(A) Tuberculosis (B) Tubercurosis (C) Tubercunosis (D) Tubercumosis **(A)**

4. તાજેતરમાં 'અભ્યાસ કોંકણ 2023' (Exercise Konkan 2023) એ ભારતીય નૌકાદળ અને કોની વચ્ચે માર્ચ 2023માં અરબી સમુદ્રમાં કોંકણ કિનારે હાથ ધરવામાં આવી હતી ?

(A) રોયલ નેવી, બ્રિટન (B) યુનાઈટેડ સ્ટેટ્સ નેવી (USN)

(C) રોયલ ઓસ્ટ્રેલિયન નેવી (D) મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ, જાપાન **(A)**

5. તાજેતરમાં 'વિષય આધારિત QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ 2023' (QS World University Rankings by Subject 2023) બહાર પાડવામાં આવ્યું છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રેન્કિંગમાં 54 શૈક્ષણિક શાખાઓ આવરી લેવામાં આવી છે.
2. અમેરિકાની 'Massachusetts Institute of Technology' (MIT) આ રેન્કિંગમાં પ્રથમ ક્રમે છે.
3. ભારતની 'સવેથા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એન્ડ ટેક્નિકલ સાયન્સએ ડેન્ટલ કેટેગરીમાં 13મો રેન્ક મેળવ્યો છે, જે ભારતીય સંસ્થાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી સંસ્થા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 માર્ચ, ગુલામીના ભોગ બનેલા લોકોની યાદનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Remembrance of Victims of Slavery)

## સિનિયાહ ટાપુમાં સૌથી જૂનું પર્લ ટાઉન (મોતી શહેર)ની શોધ



તાજેતરમાં પર્સિયન ગલ્ફમાં સ્થિત સિનિયાહ ટાપુ પર પુરાતત્વવિદોની એક ટીમે અકલ્પનીય શોધ કરી છે. તેમને આ પ્રદેશનું સૌથી જૂનું મોતી શહેર મળ્યું છે.

- આ શોધ ઉમ્મ અલ–ક્વેનના અમિરાતમાં સ્થિત એક ટાપુ પર કરવામાં આવી હતી, જે દુબઈથી લગભગ 50 કિમી ઉત્તરપૂર્વમાં સ્થિત છે.
- પર્શિયન ગલ્ફ પ્રદેશમાં સદીઓથી મોતીઓનો એક મહત્વપૂર્ણ ઉદ્યોગ હતો.
- સમુદ્રમાંથી કાઢવામાં આવેલા મોતી ખૂબ જ કિંમતી હતા અને ચલણ, ઝવેરાત અને અન્ય મૂલ્યવાન વસ્તુઓ તરીકે ઉપયોગમાં લેવાતા હતા.
- મોતી ઉદ્યોગ એ આ પ્રદેશના ઘણા દરિયાકાંઠાના સમુદાયો માટે આવકનો મુખ્ય સ્ત્રોત હતો.
- મોતી ઉદ્યોગથી આસપાસ વિકસિત શહેરો વેપાર, સંસ્કૃતિ અને સ્થાપત્યના કેન્દ્રો હતા.
- સિનિયાહ ટાપુ પર નવું શોધાયેલ આ મોતી શહેર અથવા પર્લ ટાઉન ઈ.સ. પૂર્વ સાતમી સદીનું હોવાનું માનવામાં આવે છે.
- આ સાથે તે પર્સિયન ગલ્ફ પ્રદેશનું સૌથી જૂનું મોતી શહેર બન્યું છે.
- એવું માનવામાં આવે છે કે તે કાર્યરત હતું તે સમય દરમિયાન વેપાર, વાણિજ્ય અને સંસ્કૃતિનું સૌથી મહત્વનું કેન્દ્ર હતું.
- આ મોતી શહેરની શોધ દરમિયાન પુરાતત્વીય ટીમને મકાનો, દુકાનો અને અન્ય માળખાના પુરાવા મળ્યા હતા.
- આ ઉપરાંત મોટી સંખ્યામાં મોતી પણ મળી આવ્યા હતા, જે દર્શાવે છે કે આ શહેર મોતી ઉદ્યોગનું મહત્વનું કેન્દ્ર હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CBUD એપ્લિકેશન

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **'CBUD' એપ** લોન્ચ કરી છે.

- તે સંચાર મંત્રાલયના ટેલિકોમ્યુનિકેશન વિભાગની પહેલ છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## CBUD એપ વિશે

CBUDનું પૂરું નામ 'Call Before U Dig' છે.

- આ એપનો ઉદ્દેશ્ય ઓપ્ટિકલ ફાઈબર કેબલ જેવી અસ્કયામતોને થતા નુકસાનને કારણે દર વર્ષે આશરે રૂ.3000 કરોડના નુકસાનને રોકવાનો છે.
- અનિયંત્રિત ખોદકામ ઉત્ખનન અને ભૂગર્ભ ઉપયોગિતાને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે, પરિણામે સંભવિત ધંધાકીય નુકસાન અને નાગરિકોને અસુવિધા થાય છે.
- આ એપ્લિકેશન ખોદકામ કરતી એજન્સીઓ અને ભૂગર્ભ ઉપયોગિતા માલિકો વચ્ચે સંકલનને સરળ બનાવશે અને નુકસાનમાં ઘટાડો કરશે.
- CBUD એપ્લિકેશન SMS અથવા Email સૂચનાઓ અને ક્લિક-ટુ-કોલ દ્વારા ઉત્ખનકો અને સંપત્તિ માલિકોને જોડે છે.
- ખોદકામની કામગીરી શરૂ કરતા પહેલા ઉત્ખનન કંપનીઓ હાલની ઉપસપાટી ઉપયોગિતાઓ વિશે પૂછપરછ કરી શકે છે અને ઉપયોગિતા માલિકો પણ સ્થાન પર તોળાઈ રહેલા કામ વિશે શોધી શકે છે.
- એપ્લિકેશન ભૂગર્ભ ઉપયોગિતાઓના સ્થાન અને ઊંડાઈ વિશે વાસ્તવિક સમયની માહિતી પ્રદાન કરશે.
- આ ઉપરાંત ખોદકામ કરનારાઓને નુકસાન પહોંચાડ્યા વિના તેમનું કાર્ય કરવામાં મદદ કરશે.

## ભારતીય હોકી ખેલાડી સુશ્રી સલીમા ટેટે ઈમર્જિંગ પ્લેયરના એવોર્ડથી સન્માનિત

ભારતીય વિમેન્સ હોકી ટીમના મીડફિલ્ડર સુશ્રી સલીમા ટેટેને 2022માં તેમણે કરેલા શાનદાર પ્રદર્શનના કારણે એશિયન હોકી ફેડરેશને 'ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર'ના એવોર્ડથી સન્માનિત કર્યા છે.



- કોરિયાના મુંગયોગ ખાતે એશિયન હોકી ફેડરેશન (AHF)ની વાર્ષિક સામાન્ય બેઠકમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.
- સુશ્રી સલીમા ટેટે ઝારખંડ રાજ્યના સિમડેગા જિલ્લાના વતની છે.
- તેમણે વર્ષ 2016માં ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં સિનિયર ટીમ તરફથી ડેબ્યુ કર્યુ હતું.
- ગયા વર્ષે મસ્કત ખાતે રમાયેલી વિમેન્સ એશિયા કપમાં ઈમર્જિંગ પ્લેયર તરીકે પણ પસંદ પામ્યા હતા.
- નોંધનીય છે કે સુશ્રી સલીમા ટેટેને બે વર્ષની મુદત માટે ભારતમાંથી AHF એથ્લેટ્સ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

1. કયા દિવસે 'ગુલામીના ભોગ બનેલા લોકોની યાદનો આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 25 માર્ચ (B) 26 માર્ચ (C) 27 માર્ચ (D) 28 માર્ચ **(A)**

2. તાજેતરમાં પર્સિયન ગલ્ફમાં સ્થિત કઈ ટાપુ પર પુરાતત્વવિદોની એક ટીમે સૌથી જૂનું પર્લ ટાઉન અથવા મોતી શહેરની શોધ કરી છે ?

(A) સિનિયાહ ટાપુ (B) દાલામા ટાપુ (C) જઝીરત બદિયાહ (D) સાદિયત ટાપુ **(A)**

3. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'CBUD' એપ લોન્ચ કરી છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) CBUDનું પૂરુ નામ 'Call Before U Dig' છે.

(B) તે સંચાર મંત્રાલયના ટેલિકોમ્યુનિકેશન વિભાગની પહેલ છે.

(C) તેનો ઉદ્દેશ્ય ઓપ્ટિકલ ફાઈબર કેબલ જેવી અસ્કયામતોને થતા નુકસાનને કારણે દર વર્ષે થતા હજારો કરોડના નુકસાનને રોકવાનો છે.

(D) ઉપરોક્ત તમામ સાચા **(D)**

4. તાજેતરમાં એશિયન હોકી ફેડરેશન (AHF)એ કઈ ભારતીય મહિલા ખેલાડીને ઈમર્જિંગ પ્લેયર એવોર્ડથી સન્માનિત કર્યા છે ?

(A) સુશ્રી દીપીકા ચૌધરી (B) સુશ્રી ગુરૂજીત કૌર

(C) સુશ્રી સલીમા ટેટે (D) સુશ્રી સુશિલા ચાનુ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **49મી ડેરી ઉદ્યોગ પરિષદ : ગાંધીનગર**



ભારતીય ડેરી એસોસિએશન દ્વારા ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં 49મું ડેરી ઉદ્યોગ સંમેલન યોજાયું હતું. ભારતીય ડેરી એસોસિએશનના ઉપક્રમે આ ત્રિ–દિવસીય ડેરી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં અલગ–અલગ રાજ્યોમાંથી 2700થી વધુ ડેરી ઉદ્યોગકારો–એસોસિએશનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડેરિ– ઉદ્યોગ–પશુપાલન અને દૂધ સંપાદન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વ્યક્તિઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં શ્રી અમિતભાઈ શાહ દ્વારા 10 એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **જનરેટિવ પ્રી-ટ્રેન્ડ ટ્રાન્સફોર્મર-4 (GPT-4)**

તાજેતરમાં OpenAIએ ભારતીય વપરાશકર્તાઓ માટે તેનું ChatGPT Plus સબ્સ્ક્રિપ્શન લોન્ચ કર્યું છે. જે તેમને લેટેસ્ટ લેંગ્વેજ મોડલ GPT-4ની વહેલી એક્સેસ આપે છે. OpenAI અનુસાર સર્જનાત્મકતા વિઝ્યુઅલ સમજણ અને સંદર્ભની વાત આવે ત્યારે GPT-4 તેના પુરોગામી કરતા વધુ અદ્યતન છે. તે સંગીત, પટકથા, તકનીકી લેખન વગેરે સહિત વિવિધ સર્જનાત્મક પ્રોજેક્ટ્સ પર વપરાશકર્તાઓ સાથે સહયોગ કરવાની ક્ષમતા પણ ધરાવે છે. તે ટેક્સ્ટના 25000 શબ્દો સુધી પ્રક્રિયા કરી શકે છે અને લાંબી વાતચીતની સુવિધા આપી શકે છે. GPT-4 ટેક્સ્ટ કરતા ઘણું બધુ સમાવી શકે છે–તે ઈનપુટ તરીકે ઈમેજને પણ સ્વીકારે છે. GPT-4 વધુ બહુભાષી છે અને OpenAIએ દર્શાવ્યું છે કે 26 ભાષાઓમાં હજારો બહુવિધ–પસંદગીના પ્રશ્નોના સચોટ જવાબો આપીને GPT 3.5 અન્ય લાર્જ લેંગ્વેજ મોડલ્સ કરતા વધુ પ્રદર્શન કરે છે.

➤ **મતુઆ મહામેળો (Matua Maha Mela)**



મતુઆ ધર્મ મહામેળો પશ્ચિમ બંગાળમાં 19 માર્ચથી શરૂ થયો છે અને 25 માર્ચ સુધી ચાલશે. ઓલ ઈન્ડિયા મતુઆ ફેડરેશન દ્વારા આયોજિત આ ઈવેન્ટ મતુઆ સમુદાય માટે એક મહત્વપૂર્ણ રજા છે. મતુઆ એ હિન્દુ સમુદાય છે. મતુઆ ધર્મ મહા મેળો એ સમુદાયની પરંપરાઓ અને જીવનશૈલીની ઉજવણી છે, જેની સ્થાપના શ્રી શ્રી હરિચંદ ઠાકુર દ્વારા કરવામાં આવી હતી અને ગુરચંદ ઠાકુર અને બોરોમાં દ્વારા વિકસિત કરવામાં આવી હતી. આ રજા સમુદાય માટે તેની સાંસ્કૃતિક વારસો અને પરંપરાઓનું પ્રદર્શન કરવાનો મહત્વપૂર્ણ સમય છે. ઉજવણીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

➤ **ગ્લોબલ મિલેટ્સ (શ્રી અન્ના) કોન્ફરન્સ**



18 માર્ચ, 2023ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ગ્લોબલ મિલેટ્સ (શ્રી અન્ના) કોન્ફરન્સ 2023નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ ઈવેન્ટ બાજરી પર બે દિવસીય વૈશ્વિક પરિષદની શરૂઆતને ચિહ્નિત કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2023માં ઉજવાયેલ રહેલ આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષને ચિહ્નિત કરવા પોસ્ટેજ સ્ટેમ્પ અને સ્મારક ચલણ સિક્કાનું અનાવરણ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM ®

➤ **યુવિકા પ્રોગ્રામ**




ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM)માં કારકિર્દી બનાવવા અને અવકાશ વિજ્ઞાન પ્રત્યે જુસ્સો વિકસાવવા પ્રોત્સાહિત કરવા યુવા વિજ્ઞાન કાર્યક્રમ (UVIKA) શરૂ કર્યો છે. આ કાર્યક્રમ દ્વારા ISROનો ઉદ્દેશ્ય એવા પ્રતિભાવશાળી વિદ્યાર્થીઓને ઓળખવાનો અને ઉછેરવાનો છે જેઓ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ઊંડો રસ ધરાવે છે. અને તેને ભવિષ્યના અવકાશ વૈજ્ઞાનિકો બનવા માટે પ્રેરણા આપે છે. યુવિકા પ્રોગ્રામ સમગ્ર ભારતમાંથી ધોરણ-9માં (અથવા સમકક્ષ) વિદ્યાર્થીઓ માટે ખુલ્લો છે. આ કાર્યક્રમ દરેક રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાંથી ત્રણ વિદ્યાર્થીઓને પસંદ કરે છે. અને તેઓને દેશભરના વિવિધ ISRO કેન્દ્રો પર બે સપ્તાહના નિવાસી તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવે છે.

➤ **સિવિલ-20 ઈન્ડિયા 2023 ઈન્સેપ્શન કોન્ફરન્સ**

સિવિલ-20 ઈન્ડિયા 2023 ઈન્સેપ્શન કોન્ફરન્સ મહારાષ્ટ્રના નાગપુરમાં 'પર્યાવરણ સાથે સંતુલિત વિકાસ'ની થીમ સાથે તેના પ્રથમ પૂર્ણ સત્રની શરૂઆત થઈ છે. આ સત્રમાં C20 ઈન્ડિયા 2023ના ચાર કાર્યકારી જૂથોને આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ઈન્ટિગ્રેટેડ હોલિસ્ટિક હેલ્થ, સસ્ટેનેબલ એન્ડ રિઝિલિયન્ટ કોમ્યુનિટીઝ, Life અને રિજુવેનેશન ઓફ રિવર્સ એન્ડ વોટર મેનેજમેન્ટનો સમાવેશ થાય છે. સત્રની અધ્યક્ષતા ભૂતપૂર્વ મુખ્ય માહિતી કમિશનર સત્યાનંદ મિશ્રા દ્વારા કરવામાં આવી હતી.

➤ **થાનથાઈ પેરિયાર વન્યજીવ અભ્યારણ્ય : તમિલનાડુ**



તાજેતરમાં તમિલનાડુ રાજ્ય સરકારે થાનથાઈ પેરિયર વન્યજીવ અભયારણ્યની સૂચના જાહેર કરી છે. તેને રાજ્યનું 18મું વન્યજીવ અભયારણ્ય બનાવ્યું છે. તમિલનાડુના ઈરોડ જિલ્લાના અંતિયુર અને ગોબીચેટ્ટીપલયલમ તાલુકાના જંગલ વિસ્તારોમાં 80,567 હેક્ટરમાં ફેલાયેલા આ અભયારણ્યમાં અંતિયુર, બારગુર, થટ્ટાકરાઈ અને ચેન્નમપટ્ટીના આરક્ષિત વન વિસ્તારોનો સમાવેશ થશે. તાજેતરમાં તમિલનાડુ રાજ્યના બજેટ દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી. આ અભયારણ્ય સસ્તન પ્રાણીઓની 21 પ્રજાતિઓ, પક્ષીઓની 136 પ્રજાતિઓ અને પતંગિયાઓની 118 પ્રજાતિઓનું ઘર છે. આ અભયારણ્ય એશિયન હાથિઓના સંરક્ષણ માટે એક મોટું પગલું હશે.

➤ **નેપાળ-ભારત લિટરેચર ફેસ્ટિવલ**



નેપાળ–ભારત લિટરેચર ફેસ્ટિવલ એ ભારતના બિરાટનગર મેટ્રોપોલિટન સિટી અને મેરઠની ક્રાંતિધારા સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત ત્રણ દિવસીય સાહિત્યક ઉત્સવ હતો. આ ઉત્સવમાં નેપાળના સાતેય પ્રાંતો અને ભારતના મોટાભાગના રાજ્યોમાંથી 350થી વધુ સાહિત્યકારોએ ભાગ લીધો હતો. નેપાળ અને ભારત વચ્ચે સાહિત્યને પ્રોત્સાહન આપવાના હેતુથી 10-પોઈન્ટના બિરાટનગર ઘોષણાપત્રને અપનાવવા સાથે આ કાર્યક્રમનું સમાપન થયું હતું.

➤ **આસામ રાઈફલ્સ સ્થાપના દિવસ**

આસામ રાઈફલ્સ સ્થાપના દિવસ 24 માર્ચે ઉજવવામાં આવે છે. આ વખતે આસામ રાઈફલ્સનો 187મો સ્થાપના દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આસામ રાઈફલ્સ એ ભારતની સૌથી જૂની અર્ધલશ્કરી દળ છે. તે બ્રિટીશ રાજ હેઠળ 1835માં શરૂ થઈ હતી. આસામ રાઈફલ્સ એક માત્ર અર્ધલશ્કરી દળ છે જેની પાસે ડ્યૂઅલ કમાન્ડ સ્ટ્રક્ચર છે. આનો અર્થ એ છે કે તે ભારતીય સેના દ્વારા નિયંત્રિત છે. જ્યારે તેના પગાર અને માળખાગત સુવિધાઓ ગૃહ મંત્રાલય દ્વારા પ્રદાન કરવામાં આવે છે. હાલમાં આસામ રાઈફલ્સ પાસે 65143 જવાનોની સંખ્યા સાથે 46 બટાલિયન છે. આસામ રાઈફલ્સે પ્રથમ વિશ્વ યુદ્ધ સહિત અનેક સંઘર્ષોમાં સેવા આપી છે. પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન આસામ રાઈફલ્સે મધ્ય પૂર્વ અને યુરોપમાં સેવા આપી હતી. જ્યારે બીજા વિશ્વયુદ્ધમાં આસામ રાઈફલ્સે મુખ્યત્વે બર્મામાં સેવા આપી હતી. આસામ રાઈફલ્સનું આદર્શ વાક્ય 'Sentinels of the North East' છે.

➤ **સિટી ફાઈનાન્સ રેન્કિંગ 2022**

તાજેતરમાં હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલયે દેશમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULB)નું તેમની નાણાકીય સ્થિતિના આધારે મૂલ્યાંકન કરવા માટે 'સિટી ફાઈનાન્સ રેન્કિંગ 2022' શરૂ કર્યુ છે. તમામ સહભાગી શહેરો અથવા ULBનું મૂલ્યાંકન ત્રણ મુખ્ય મ્યુનિસિપલ ફાઈનાન્સ એસેસમેન્ટ પરિમાણોમાં 15 સૂચકાંકોના આધારે છે, જે આ મુજબ છે : સંસાધન સંગ્રહ, ખર્ચ કામગીરી, નાણાકીય શાસન. જ્યારે શહેરોને અહીં આપેલ ચાર વસ્તી શ્રેણીઓમાંથી કોઈપણ એક હેઠળ તેમના સ્કોરના આધારે રાષ્ટ્રીય સ્તરે ક્રમાંકિત કરવામાં આવશે : 4 મિલિયનથી વધુ, 1-4 મિલિયન વચ્ચે, 100000 થી 1 મિલિયન અને 100000 કરતા ઓછી. દરેક વસતી શ્રેણીમાં ટોચના 3 શહેરોને રાષ્ટ્રીય સ્તરે દરેક રાજ્ય/રાજ્ય ક્લસ્ટરમાં ઓળખવામાં આવશે અને એનાયત કરવામાં આવશે.

➤ **શ્રી પેરુમલ મુરુગન**

શ્રી પેરુમલ મુરગનની નવલકથા 'પુક્કુઝી, જેને અંગ્રેજીમાં 'Pyre' તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર 2023ની લાંબી સૂચી માટે નામાંકિત કરવામાં આવી છે. પુસ્તકે આ માન્યતા પ્રાપ્ત કરનાર પ્રથમ તમિલ નવલકથા બનીને ઈતિહાસ રચ્યો છે. નવલકથા ગ્રામીણ તમિલનાડુમાં 1980ના દાયકામાં સ્થાપિત છે અને એક યુવાન આંતર–જ્ઞાતિ યુગલના ભાગી જવા અને જાતિ આધારિત હિંસાની શોધ પર છે.

➤ **'સમ નો વરુણ' અભિયાન**

દેશની દરિયાઈ ચેતના કેળવવા અને દેશના દરિયાઈ વેપારના રક્ષણ માટે નૌકાદળના યોગદાનને દર્શાવવા માટે ભારતીય નૌકાદળે નેવલ વેલ્ફેર એન્ડ વેલબીઈંગ એસોસિએશન (NWWA) સાથે મળીને એક અનોખી દરિયાઈ જાગૃતિ તટીય મોટર 'સમ નો વરુણ:' નામની એક અનન્ય પહેલ શરૂ કરી છે. આ કાર અથવા મોટર અભિયાન સમગ્ર ભારતીય દરિયાકાંઠાને આવરી લેશે. આ અભિયાનના બહુવિધ ઉદ્દેશ્યો છે, જેમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી, નૌકાદળમાં કારકિર્દીની તકો વિશે જાગૃતિ લાવવા, નૌકાદળમાં મહિલાઓની શક્તિનું પ્રદર્શન, સાહસની ભાવના કેળવવા અને ભૂતપૂર્વ સૈનિકો સાથે નૌકાદળની ક્રિયાપ્રતિક્રિયામાં જોડાવા માટે યુવાનોને પ્રેરિત કરવા અને નેવીના પૂર્વ સૈનિકો/વીર નારીઓ સાથે વાતચીત કરવાનો સમાવેશ થાય છે. આ અભિયાન 26 માર્ચ 2023ના રોજ કોલકાતામાં INS નેતાજી સુભાષથી શરૂ કરીને આશરે 7500 કિલોમીટરનું અંતર કાપીને 19 એપ્રિલ 2023ના રોજ ગુજરાતના લખપત ખાતે સમાપ્ત કરવાની યોજના છે. આ અભિયાન દરમિયાન અગ્નિપથ યોજના સહિત નૌકાદળમાં રોજગારીની તકો વિશે માહિતી આપવા માટે માર્ગ પરના વિવિધ નગરો અને ગામડાઓમાં જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત પર્યાવરણ જાગૃતિ ફેલાવવા માર્ગમાં દરીયા કિનારા પર કોસ્ટલ ક્લિનઅપ કરવામાં આવશે. આ અભિયાનમાં મેસર્સ મહિન્દ્રા સાથે ભાગીદારી કરવામાં આવી છે જે માસ્ટરકાર્ડ ઈન્ડિયા અને ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ સાથે ઈંધણ ભાગીદારી તરીકે 12 વાહનોનો કાફલો આપશે.

## વિશ્વ

➤ **SARS-COV-2નો ઉદ્ભવ રેકૂન ડોગમાંથી થયો હોવાની સંભાવના**

એક નવા અભ્યાસમાં પૂરાવા મળ્યા છે કે SARS-COV-2ની ઉત્પત્તિ રેકૂન ડોગમાંથી થઈ હોઈ શકે છે. રેકૂન ડોગ પૂર્વ એશિયામાં સ્થાનિક છે. તે ઉત્તર અમેરિકાનું ગુચ્છાદાર પૂંછડીવાળુ રીંછ જેવા શહેરાના નિશાનો ધરાવે છે અને તે શિયાળ સાથે નજીકથી સંબંધિત છે. વૈજ્ઞાનિકોના મતે આ શોધ હાલ પુરવાર નથી કરતી કે કોવિડથી સંક્રમિત રેકૂન ડોગ્સ અથવા અન્ય પ્રાણીઓના કારણે રોગચાળો ફેલાયો છે, પરંતુ સંભાવના વધારે છે.

➤ **આંતરરાષ્ટ્રીય SME કન્વેન્શન 2023**

ઈન્ટરનેશનલ SME કન્વેન્શન 2023(ISC)ની ત્રીજી આવૃત્તિ આ વર્ષે 19 થી 21 માર્ચ દરમિયાન યોજાઈ રહી છે. આ કાર્યક્રમ ભારતના ચાર મહત્ત્વના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. જેમ કે ક્લીનટેક અને ગ્રીન એનર્જી, ઉત્પાદન, સેવાક્ષેત્ર અને અગ્રી–ફૂડ પ્રોસેસિંગ તથા કૃષિ અમલીકરણ ક્ષેત્ર. આ ક્ષેત્રો ભારતના આર્થિક વિકાસ માટે મહત્વપૂર્ણ છે અને તેમાં રોજગાર સર્જન અને ટકાઉ વિકાસની અપાર સંભાવના છે. ISC 2023 એ એક પ્લેટફોર્મ છે જે SMEs, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ નિષ્ણાતોને નિર્ણાયક મુદ્દાઓ પર ચર્ચા કરવા અને વૃદ્ધિ અને ટકાઉપણાની તકો શોધવા માટે એકસાથે લાવે છે. તેનું આયોજન MSME અને વિદેશ મંત્રાલય અને ઈન્ડિયા SME ફોરમ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે. મધ્યપ્રદેશ સરકાર આ ઈવેન્ટ માટે રાજ્ય ભાગીદાર છે અને ઉત્તરપ્રદેશ સરકાર સહયોગી રાજ્ય ભાગીદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સર્વાધિક મેચ રમવાનો રેકોર્ડ નોંધાવ્યો**

તાજેતરમાં સ્ટાર ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સર્વાધિક ઈન્ટરનેશનલ ફૂટબોલ મેચ રમવાનો રેકોર્ડ પોતાને નામે કર્યો છે. પોર્ટુગોલના રોનાલ્ડોએ લેચટેન્સટીન સામે યૂરો કપ 2024 ક્વોલિફાયરની મેચ માટે મેદાનમાં ઉતરવાની સાથે પોતાની કારકિર્દીનો 197માં મુકાબલો રમ્યો હતો. અને કુવૈતના અલ–મુતાવાને આ યાદીમાં પાછળ રાખ્યા છે.




1. તાજેતરમાં નાસાના મેગેલન અવકાશયાન દ્વારા _____ ગ્રહની સપાટીની વિવિધ ભ્રમણકક્ષામાંથી તસ્વીરો લેવામાં આવી હતી અને બે વર્ષમાં બે–ત્રણ વખત કેટલાંક સ્થળોએ જ્વાળામૂખીની ગતિવિધિ હોવાની શંકા વ્યક્ત કરી છે.
– શુક્ર

2. ભારત અને કયા દેશ વચ્ચે 'અલ–મોહદ–અલ–હિન્દી–23' અભ્યાસનું આયોજન કરવામાં આવી રહ્યું છે ?
– સાઉદી અરેબિયા

3. તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશે 'Kodava Hockey Festival'નું આયોજન કર્યુ હતું ?
– કર્ણાટક

4. તાજેતરમાં કયા દેશે 'સાઉદી–ઈરાન સંબંધો નોર્મલાઈઝેશન' શાંતિ સમજોતામાં મધ્યસ્થી કરી હતી ? – ચીન

5. કયો દેશ 'યુનાઈટેડ નેશન્સ 2023 વોટર કોન્ફરન્સ'નું યજમાન છે ? – અમેરિકા

6. 'હીલ ઈન ઈન્ડિયા' એ ભારત સરકારની એક પહેલ છે જેનો હેતુ દેશમાં _____ ને પ્રોત્સાહન આપવાનો છે.
– મેડિકલ ટુરિઝમ

7. ભારત અને કયા દેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોના 75 વર્ષ પૂરા થવા માટે 'Geoffrey Bawa : It is Essential To be There' પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ? – શ્રીલંકા

8. ભારતની G20ની અધ્યક્ષતા હેઠળ 'Startup 20 Engagement Group'ની બેઠક _____ માં યોજવામાં આવી હતી. – ગંગટોક, સિક્કિમ

9. તાજેતરમાં કર્ણાટકના _____ ને સંગીત અકાદમી દ્વારા વર્ષ 2023 માટે સંગીત કલાનિધિ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે. – બોમ્બે જયશ્રી

10. તાજેતરમાં ભારત સરકારે 'herSTART' પ્લેટફોર્મ હેઠળ મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સ માટે એક વર્ષ માટે _____ રૂપિયાના માસિક સ્ટાઈપેન્ડની જાહેરાત કરી છે. – રૂ.20,000

11. કયા વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ચિહ્નિત કરવાની દરખાસ્ત કરવામાં આવી છે ? – 2023
(તાજેતરમાં વારાણસીમાં SCO પ્રવાસન મંત્રીઓની પરિષદ યોજાઈ હતી. ઈવેન્ટ દરમિયાન ભારતે વર્ષ 2023ને પ્રવાસન વર્ષ તરીકે ચિહ્નિત કરવા માટે એક એક્શન પ્લાન તૈયાર કર્યો હતો.)

12. તાજેતરમાં કયા રાજ્યએ એડવોકેટ્સ પ્રોટેક્શન બિલ, 2023 રજૂ કર્યુ છે ? – રાજસ્થાન

13. બિહાર રાજ્યનો સ્થાપના દિવસ એટલે કે 'બિહાર દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
– 22 માર્ચ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. તાજેતરમાં કયા રાજ્યમાં લક્ખી(અથવા લાખી) મેળા (Lakkhi Mela)નું આયોજન થયું હતું ? – રાજસ્થાન

15. તાજેતરમાં ચર્ચામાં રહેલ UBS ગ્રુપ કયા દેશમાં સ્થિત બહુરાષ્ટ્રીય રોકાણ બેંક છે ? – સ્વિત્ઝર્લેન્ડ

16. સાજીબુ નોંગમા પાનબા કયા રાજ્યમાં ચંદ્ર નવું વર્ષ ઉજવવામાં આવે છે ? – મણિપુર

17. IMFના એક્ઝિક્યુટિવ બોર્ડે કયા દેશ માટે 3 મિલિયન ડોલરના બેલ–આઉટ પ્રોગ્રામને મંજૂરી આપી છે ? – શ્રીલંકા

18. તાજેતરમાં _____ જહાજએ મોઝામ્બિકની મુલાકાત લીધી હતી. – INS સુજાતા

19. International Day for Achievers તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 24 માર્ચ

20. તાજેતરમાં કયા રાજ્યએ 'મુખ્યમંત્રી વૃક્ષ સંપદા યોજના' શરૂ કરી છે ? – છત્તીસગઢ
(આ યોજના હેઠળ રાજ્ય સરકાર 5 એકર સુધીના વૃક્ષારોપણ માટે સંપૂર્ણ સબસિડી અને 5 એકરથી વધુ જમીન પર 50 ટકા નાણાકીય સબસિડી આપશે.)

21. G20 રિસર્ચ એન્ડ ઈનોવેશન ઈનિશિયેટિવ ગેધરિંગ (RIIG) કોન્ફરન્સ'નું યજમાન કયું શહેર છે ? – દિબ્રુગઢ

22. તાજેતરમાં કયા દેશે '2022 કન્ટ્રી રિપોર્ટ્સ હ્યુમન રાઈટ્સ પ્રેક્ટિસ' શરૂ કરી છે ? – અમેરિકા

23. તાજેતરમાં સમાચારોમાં રહેલ 'સિનિયાહ ટાપુ' કયા દેશમાં સ્થિત છે ? – સંયુક્ત આરબ અમિરાત

24. _____ વિભાગે કરદાતાઓને તેમના મોબાઈલ ફોન પર તેમના વાર્ષિક માહિતી નિવેદન (AIS) વિશે વ્યાપક માહિતી મેળવવામાં મદદ કરવા માટે 'કરદાતા માટે AIS' નામની એપ્લિકેશન શરૂ કરી છે. – આવકવેરા

25. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'લવ બેટર કેમ્પેઈન' કયા દેશ સાથે સંકળાયેલ છે ? – ન્યૂઝીલેન્ડ

26. કઈ ભારતીય ટેનિસ ખેલાડી ATP માસ્ટર્સ 1000નો ખિતાબ જીતનાર સૌથી મોટી વયના ખેલાડી બન્યા છે ? – રોહન બોપન્ના


ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS






નકશા નં - 9

## ગુજરાત સરોવર અને તળાવ



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT